ખાંભાના મહે.જયુડીશ્યલ.મેજીસ્ટ્રટ.ફ.ક. સાહેબની કોર્ટમાં–ખાંભા

ફોજદારી કેસ નંબર. ૭૮૫/૨૦૨૩
આંક– ૪

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– રાણીગભાઈ બાવભાઈ પોપટ
રહે.ભાવરડી,તા.ખાંભા,જી.અમરેલી

(૧)આરોપી આજરોજ કોર્ટમાં હાજર થઈ , આંક–૨ ની કબુલાત પુરશીશ તેમજ આંક–૩ ની પ્લીથી પોતે હાલના ગુન્હાની સ્વૈચ્છાપૂર્વક કબુલાત કરેલ છે. અત્રેની અદાલતને તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપી તેનાં નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરેલ છે. અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહી કરે તેની ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.

(૨)આરોપીની રજુઆત તેમજ કબુલાત ધ્યાને લેતા તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટનાં સ્ટેટ વિ. નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર. પેઈઝ નં. ૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

– :: હુકમ :: –

આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે એમ.વી.એકટની કલમ ૧૮૪(૨),૧૭૭ ના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૫૦૦/– અંકે રુપિયા એક હજાર પાંચ સો પુરાનો દંડનો હુકમ કરવામાં આવે છે.દંડ ન ભરે તો દિન– ૧૦ ( દસ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૧ માહે ઓગષ્ટ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ખાંભા.
તારીખ : ૧૧/૦૮/૨૩

જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ.ફ.ક
ખાંભા.